ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org● E-mail: gpcc1234@gmail.com

---

અખબારી યાદી                                                                                   તા. ૨૧-૦૬-૨૦૨૩

આમ આદમી પાર્ટીથી મોહભંગ થતાં રાજીવ ગાંધી ભવન ખાતે સૌરાષ્ટ્ર-કચ્છ-રાજકોટ જીલ્લા સહિત પ્રદેશના આમ આદમી પાર્ટીના હોદ્દેદારશ્રીઓએ કોંગ્રેસ પક્ષનો ખેસ ધારણ કરનારને કોંગ્રેસ પક્ષમાં આવકારતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, કોંગ્રેસ પક્ષની વિચારધારા સૌને સાથે લઈને ચાલવામાં માનનારી છે. કોંગ્રેસની વિચારધારાએ દેશની આઝાદી માટે લડત લડી છે ત્યારે કોંગ્રેસ પરિવારમાં આમ આદમી પાર્ટીના પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી વશરામ સાગઠીયા અને પ્રદેશ મહિલા ઉપાધ્યક્ષ શ્રીમતિ કોમલબેન ભારાઈ સહિત મોટી સંખ્યામાં પ્રદેશના હોદ્દેદારશ્રીઓ, આગેવાનશ્રીઓ તથા કાર્યકરો કોંગ્રેસ પક્ષમાં વીધીવત રીતે જોડાયા છે તેઓને આવકારું છું. લોકસભા ૨૦૨૪ની ચૂંટણીમાં જ્યારે થોડો સમય બાકી છે ત્યારે સૌરાષ્ટ્ર-રાજકોટ સહિતના વિસ્તારમાંથી ૧૦૦ થી વધુ કાર્યકર્તા જોડાતા કોંગ્રેસ પક્ષની તાકાતમાં ઉમેરો થશે. ગુજરાતમાં ભાજપ કાર્યકર્તાઓને અપમાનિત કરવાનું, ચૂંટણી ટાણે માત્ર ઉપયોગ કરવાનું કામ કરે છે જ્યારે કોંગ્રેસમાં કોઈને અપમાનિત કરવાનું કામ થતું નથી અને જોડાયેલા સૌ આગેવાન - કાર્યકરશ્રીઓનું સૌનું માન જળવાય છે. ગુજરાત માટે સેવાના સાધનાના યજ્ઞમાં શ્રી વશરામ સાગઠીયા સહિત મોટી સંખ્યામાં જોડાયેલા આગેવાન-કાર્યકર્તાશ્રીઓનું સૌનું સ્વાગત છે. આગામી સમયમાં કોંગ્રેસ પક્ષની વિચારધારા વધુમાં વધુ લોકો સુધી પહોંચાડવા આપ સૌ માધ્યમ બનશો.

રાજીવ ગાંધી ભવન ખાતે કોંગ્રેસ પક્ષનો ખેસ ધારણ કર્યા બાદ શ્રી વશરામ સાગઠીયાએ જણાવ્યું હતું કે, આમ આદમી પાર્ટીથી મોહભંગ થયો છે. ભાજપની બી-ટીમ તરીકે કામ કરી રહી છે ત્યારે દેશમાં લોકશાહી ટકાવી હોય તો કોંગ્રેસ પક્ષ  સિવાય અન્ય કોઈ વિકલ્પ નથી. હાલના શાસકો લોકશાહી - બંધારણને કેવી રીતે ખતમ કરવું તે વિચાર પર ચાલી રહ્યાં છે ત્યારે હું ભાજપને ઘેર મોકલવા માટેની મહત્વની લડાઈનો ભાગ બનવા માટે કોંગ્રેસ પક્ષમાં જોડાયો છું. કોંગ્રેસ પક્ષે મને ભૂતકાળમાં ઘણુ બધુ આપ્યું છે, ૧૯૮૯માં શ્રી શક્તિસિંહજીની આગેવાનીમાં કોંગ્રેસ પક્ષનો હોદ્દેદાર હતો અને હવે જ્યારે ગુજરાત કોંગ્રેસને શ્રી શક્તિસિંહ ગોહિલના રૂપમાં ખુબ મજબુત નેતૃત્વ મળ્યું છે ત્યારે હું કોંગ્રેસ પક્ષમાં પરત ફર્યો છું.

આજરોજ રાજીવ ગાંધી ભવન ખાતે યોજાયેલ કાર્યક્રમમા વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતાશ્રી શૈલેષ પરમાર, કાર્યકારી પ્રમુખશ્રી હિંમતસિંહ પટેલ, પ્રદેશ ઉપપ્રમુખશ્રી બિમલ શાહ, શહેર કોંગ્રેસ પ્રમુખશ્રી પ્રદિપ ત્રિવેદી, કા. પ્રમુખશ્રી સંજય અજુડીયા, સાંસદ ડૉ. અમીબેન યાજ્ઞિક, એ.આઈ.સી.સી. સહમંત્રીશ્રી નિલેશ પટેલ, પૂર્વ ધારાસભ્યશ્રી નૌશાદ સોલંકી, શ્રી ઈન્દ્રનીલ રાજ્યગુરુ, મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશી, મીડીયા કોકન્વીનર અને પ્રવક્તાશ્રી હેમાંગ રાવલ, પ્રવક્તાશ્રી મનહરભાઈ પટેલ, હિરેન બેંકર, પાર્થિવરાજસિંહ કઠવાડિયા, રત્નાબેન વોરા, ડૉ. અમિત નાયક, એસ.સી. સેલના ચેરમેનશ્રી હિતેન્દ્ર પીઠડીયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહી કોંગ્રેસ પક્ષમાં જોડાયેલ તમામ આગેવાનો-કાર્યકરોને આવકાર્યા હતા.

---

સાબરમતી આશ્રમ થી રાજીવ ગાંધી ભવન ખાતેની આયોજીત પદયાત્રા દરમ્યાન કોંગ્રેસ પક્ષના સંનિષ્ઠ કાર્યકરને અકસ્માત નડ્યો હતો જેને લીધે તેને તાત્કાલીક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. કોંગ્રેસ પક્ષનું વરિષ્ઠ નેતૃત્વ તેમની સારવાર દરમ્યાન ખડેપગે રહ્યું હતું. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલને ટેલીફોનીક વાત કરી સારવારની માહિતી મેળવી ચિંતા વ્યક્ત કરી હતી. ખરા અર્થમાં સંવેદનશીલ પ્રદેશ પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલે આજરોજ સિવિલ હોસ્પિટલ ખાતે વ્યક્તિગત મુલાકાત લઈ કોંગ્રેસ કાર્યકરના ખબર અંતર પુછ્યાં હતાં. સિવિલ હોસ્પિટલ ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી અધ્યક્ષશ્રી હિંમતસિંહ પટેલ, વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતાશ્રી શૈલેષ પરમાર સહિતના સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં.

---

જગન્નાથ મંદિરની ઐતિહાસિક યાત્રા દરમ્યાન દરિયાપુર ખાતે જર્જરીત બાલ્કની પડતા થયેલ દુર્ઘટનામાં ઈજાગ્રસ્ત શ્રધ્ધાળુઓ-નાગરિકોની સિવિલ હોસ્પીટલ ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલ ખબર અંતર પુછીને જલ્દી સાજા થાય તેવી શુભકામના પાઠવી હતી.

સિવિલ હોસ્પીટલમાં સારવાર લઈ રહેલા ઈજાગ્રસ્ત શ્રધ્ધાળુઓના પરિવારજનો સાથે પણ વાતચીત બાદ સમગ્ર મેડીકલ ટ્રીટમેન્ટ અંગે હાજર તબીબો સાથે પણ પરિસ્થિતિની માહિતી મેળવી હતી.

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા

નોંધઃ (૧) કાર્યક્રમના ફોટોગ્રાફ્સ / કોંગ્રેસ પક્ષમાં જોડાયેલ આગેવાનશ્રીઓની યાદી
(૨) સીવીલ હોસ્પીટલ ખાતે અસરગ્રસ્તની મુલાકાતના ફોટોગ્રાફ્સ